## માંડવીના લુહારવડ ગામ પાસે ટ્રકની અડફેટે બેનાં મોત

**અકસ્માતમાં** એક યુવક અને સગીરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું



માંડવીઃ માંડવી તાલુકાના લુહારવડ ગામની સીમમાં એક ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો છે. ખંભાવાથી માંડવી જતાં માર્ગ પર દૂધ મોગરા મંદિર સામેના વળાંક પર પૂરપાટ ઝડપે આવતી એક ટ્રકે બાઈકને અડફેટે લેતાં બે યુવાનના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ માંડવીના સઠવાવ ગામના વતની જિગ્નેશભાઈ હરસિંગભાઈ ચૌધરી (ઉં.વ.34) અને તેમની પાછળ બેઠેલા માંગરોળના ધોડબાર ગામના આશિષભાઈ અમીતભાઈ ચૌધરી (ઉં.વ.17) પોતાની બજાજ મોટરસાઈકલ (નં. GJ 36 A 7301) પર જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી ટ્રક (નં. CG 10 BZ 7433)ના અજાણ્યા ચાલકે પોતાની ટ્રક ગફલતભરી રીતે અને પૂરઝડપે હંકારી લાવી બાઈકને ટક્કર મારી હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક સવાર બંને યુવાનને માથા, ચહેરા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા બંનેએ સ્થળ પર જ દમ તોડ્યો હતો. કરુણ બનાવને પગલે બંને પરિવારોમાં ભારે શોક છવાયો હતો. મૃતક જિગ્નેશભાઈના પિતા હરસિંગભાઈ ચૌધરીની ફરિયાદના આધારે માંડવી પોલીસે અજાણ્યા ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ પોસઈ કે.વી.પટેલ કરી રહ્યા છે.

## પીપોદરા GIDC વિસ્તારમાં ગટર બ્લોક થતાં રોગચાળાની દહેશત

**નવી** ગટરલાઈન નાંખવા માટે વીજકેબલ ખસેડવા DGVCLને રજૂઆત

હથોડાઃ માંગરોળના પીપોદરા ગામે GIDC વિસ્તારમાં ગટરલાઈન સંપૂર્ણપણે બ્લોક થઈ જવાના કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળ્યું છે. આ ગંદકી અને દુર્ગંધના કારણે સ્થાનિક રહીશો તથા રાહદારીઓનું જીવન મુશ્કેલ બન્યું છે, તેમજ વિસ્તારમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાનો મોટો ભય ઊભો થયો છે. આ મામલે પીપોદરા ગ્રામ પંચાયત દ્વારા લીંડિયાત (કરંજ ટોલનાકા) ના DGVCLના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.





ઈબ્રાહીમ કાનુ

પત્રમાં જણાવ્યા અનુસાર ગ્રામજનોની સુખાકારી અને આરોગ્યને ધ્યાનમાં રાખી તાત્કાલિક ધોરણે નવી ગટરલાઈન બનાવવાની આવશ્યકતા છે. પરંતુ નવી ગટરલાઈનના નિર્માણ કાર્યમાં DGVCLના વીજકેબલના વાયર્સ આડે આવી રહ્યા હોવાથી કામ અટકી ગયું છે. આથી, ગ્રામ પંચાયત દ્વારા માંગ કરવામાં આવી છે કે આગામી ૧૦ દિવસની અંદર આ વીજ કેબલ યોગ્ય રીતે ખસેડી આપવાની પરવાનગી આપવામાં આવે અને જરૂરી વ્યવસ્થા કરવામાં આવે. જો સમયસર વીજકેબલ નહીં હટાવવામાં આવે તો ગટરનું દૂષિત પાણી વધુ ફેલાશે અને પરિસ્થિતિ વધુ વણસી શકે છે. આ ગંભીર સમસ્યા અંગે ગ્રામ પંચાયતે માંગરોળ તાલુકા વિકાસ અધિકારીને પણ જાણ કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે નકલ મોકલી આપી છે. સ્થાનિક લોકોના વ્યાપક હિતમાં તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય નિર્ણય લેવાય તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

## વ્યારા સુગર સામે 11 દિવસના ધરણાંનો ઉકેલ ન આવતાં ખેડૂતોમાં રોષ

**રોષે** ભરાયેલા ખેડૂતોએ હવે ૨૪ કલાકનાં ધરણા શરૂ કર્યા, 16 ઓક્ટોબરે ટ્રેક્ટર રેલીનું આયોજન



વ્યારાઃ વ્યારા સુગર ફેક્ટરીના ખેડૂતોને ગત સિઝનમાં આપેલી શેરડીનાં બાકી નાણાં મુદ્દે તંત્ર દ્વારા ખેડૂતોના સળંગ 11 દિવસનાં ધરણાં બાદ પણ કોઈ નિરાકરણ લાવવામાં ન આવતાં ખેડૂતોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ છે. શેરડીનાં બાકી લેણાં તાકીદે ચૂકવવાની માંગ સાથે ખેડૂતોએ 2 જી ઓક્ટોબરથી અચોક્કસ મુદત સુધી દિવસ દરમિયાન સવારે 11થી સાંજે 4 વાગ્યા સુધી ધરણાં શરૂ કર્યાં હતાં. દરમિયાન કોઈ ચોક્કસ નિરાકરણ ન આવતાં ગતરોજથી ખેડૂતોએ વ્યારા સ્થિત જિલ્લા સેવા સદનના મુખ્ય ગેટ નજીક ૨૪ કલાકના ધરણાં પ્રદર્શન શરૂ કરી દીધાં છે. તેમજ આગામી 16મી ઓક્ટોબરે વ્યારામાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. 11-11 દિવસ સુધી શાંતિપૂર્ણ ધરણાં કરવા છતાં વહીવટી તંત્ર કે સુગરના વહીવટદારો દ્વારા ખેડૂતોને પોતાની મહેનત અને હકનાં નાણાં ન ચૂકવાતાં ખેડૂતોએ 24 કલાક ધરણાં કરવાનો આકરો નિર્ણય લેવાની ફરજ પડી છે અને જ્યાં સુધી પ્રશ્નનો નિકાલ નહીં આવે ત્યાં સુધી આ લડત ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે.

## કુકરમુંડા તાલુકાના ખેડૂતોને પાક નુકસાન બદલ સહાયની માંગ

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકામાં ચાલુ વર્ષે ઓછા અને અનિયમિત વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકસાન થયું હોવાની રજૂઆત આમ આદમી પાર્ટી, કુકરમુંડા તાલુકા દ્વારા કરવામાં આવી છે. અસરગ્રસ્ત ખેડૂતોને પાક નુકસાન બદલ નિયમો મુજબ યોગ્ય સહાય ચૂકવવામાં આવે તેવી માંગ સાથે તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના કુકરમુંડા તાલુકા પ્રમુખ રવિભાઈ નાનસિંગભાઈ વસાવાએ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી, કુકરમુંડા સમક્ષ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે વરસાદની અનિયમિતતાને કારણે તાલુકાના ખેડૂતોના ડાંગર, કપાસ, સોયાબીન, મકાઈ અને શેરડી સહિતના પાકોની ઉપજ પર અસર પડી છે. પાકની ઉપજમાં ઘટાડો થતાં ખેડૂતો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

## ભરૂચમાં કોંગ્રેસના વિરોધ પ્રદર્શન વેળા ત્રણ પોલીસ કર્મચારી ઘાયલ

**પોલીસ** કર્મચારીને ધક્કો મારનાર શૈલેષ પરમાર સામે ફરિયાદ




ભરૂચઃ ભરૂચના પાંચબત્તી સર્કલ ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલા 'લોકશાહી બચાવો, દેશ બચાવો' નારા સાથેના પદયાત્રા અને વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ટકરાવ થયો હતો. કથિત વોટચોરી અને બંધારણના રક્ષણના મુદ્દે મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થયા હતા.

કાર્યક્રમની પૂર્વ મંજૂરી ન હોવાથી પોલીસે કાર્યકરોને સ્થળ પરથી હટી જવા જણાવ્યું હતું. જોકે, કાર્યકરોએ વિરોધ ચાલુ રાખતાં પોલીસે અટકાયતની કાર્યવાહી શરૂ કરી હતી. આ દરમિયાન કાર્યકર શૈલેષ પરમારે પોલીસકર્મી શક્તિસિંહ જીલુભા સાથે ઝપાઝપી કરી તેમને જોરથી ધક્કો માર્યો હતો.

ધક્કાના કારણે શક્તિસિંહનો ડાબો હાથ બસના દરવાજા સાથે અથડાતાં તેમની આંગળીમાં ઈજા થઈ હતી. આ સિવાય અન્ય બે પોલીસકર્મીઓ શૈલેષ સોનાજી અને કાજલબેન પણ સામાન્ય રીતે ઈજાગ્રસ્ત થયા હતાં. ત્રણેય પોલીસકર્મીઓને તાત્કાલિક ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યાં હતાં.

સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરવા અને પોલીસ કર્મચારી પર હુમલો કરવા બદલ શૈલેષ પરમાર સામે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે.

## દાદરિયા ગામના પશુપાલકોને સભાસદ નહીં બનાવાતાં વિરોધ

**સમસ્યાનો** ઉકેલ ન આવે તો પશુઓ લઈ સુમુલ ડેરી ખાતે વિરોધ કરશે

વાલોડઃ દાદરિયાના સડક ફળિયાના પશુપાલકોની સમસ્યાનો નિકાલ ન આવતાં આખરે તેમણે કલેક્ટરને લેખિત અરજી આપી હતી.



વાલોડના દાદરિયા ગામના સડક ફળિયાના લોકો ખેતી સાથે પશુપાલનનો પણ વ્યવસાય કરતા આવ્યા છે. અહીંના સ્થાનિક સડક ફળિયાના અંદાજે 80થી વધુ પશુપાલકો છેલ્લાં 14 વર્ષથી મંડળીમાં દૂધ ભરી રહ્યા છે. આમ છતાં, તેમને મંડળીના અધિકૃત સભાસદ બનાવવામાં આવ્યા નથી અને સભાસદ પદના મળવાપાત્ર લાભોથી પણ વંચિત રાખવામાં આવ્યા છે. આ મામલે જ્યારે ગ્રામજનો અને પશુપાલકોએ ડેરીના પ્રમુખ, મંત્રી તથા સંબંધિત હોદ્દેદારો પાસે વાર્ષિક સભામાં હિસાબ માંગ્યો અને સભાસદ પદ આપવાની રસીદ માટે રજૂઆત કરી, ત્યારે વાતાવરણ ઉગ્ર બન્યું હતું. બોલાચાલી અને ઘર્ષણ બાદ સંચાલકો દ્વારા પશુપાલકોને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર જ કિન્નાખોરી રાખીને અચાનક પશુપાલકોનું દૂધ સ્વીકારવાનું જ બંધ કરી દેવામાં આવ્યું હતું. જેથી પશુપાલકો બાજુના ગામમાં દૂધ ભરવા મજબૂર બન્યા હતા. ત્યારે સ્થાનિકે પશુપાલકોની સમસ્યાનો ઉકેલ ન આવતાં તેમણે તાપી વ્યારા કલેક્ટર કચેરી ખાતે લેખિત અરજી આપી હતી. અને જણાવ્યું હતું હતું કે, દાદરિયા મહિલા દૂધ ઉત્પાદક મંડળીના સંચાલકો સામે આક્ષેપ કરી 14થી 15 વર્ષથી દૂધ ભરતા પશુપાલકોને સભાસદ બનાવવામાં આવ્યા નથી અને તેમના માનીતા 17 જેટલા લોકોને સભાસદ બનાવી દીધા છે. જો પશુપાલકોની સમસ્યાનો અંત ન આવે તો સડક ફળિયાના પશુપાલકો પોતાના પશુઓ સાથે સુમુલ ડેરી પહોંચી વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## જંબુસરમાં પાણીની ટાંકીની દીવાલ તૂટતાં શ્રમિકનું મોત

ભરૂચઃ જંબુસર પંથકના ગજેરા-ડાભા ગામની સીમ વચ્ચે આવેલા એક ઈંટના ભઠ્ઠાના પરિસરમાં આવેલી પાણીની ટાંકીની જર્જરિત દીવાલ અચાનક ધડાકાભેર ધરાશાયી થતાં તેના કાટમાળ નીચે દબાઈ જવાથી ત્યાં કામ કરી રહેલા એક સગીર શ્રમિકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર જંબુસર પંથકમાં ભારે અરેરાટી અને શોકની લાગણી વ્યાપી ગઈ છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર શ્રમિકની ઓળખ યોગેન્દ્ર વીરેન્દ્ર જાતવા તરીકે થઈ છે. સ્થાનિકો અને વિશ્વસનીય સૂત્રો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે મૃતક યોગેન્દ્રની ઉંમર માત્ર 15 વર્ષની હતી. ઈંટ ભઠ્ઠા પર પાણીની ટાંકી પાસે કામ કરી રહ્યા સમયે અચાનક જ નબળી બાંધકામ ધરાવતી દીવાલ તૂટી પડી હતી, જેના ભારે કાટમાળ નીચે આ કિશોર દબાઈ ગયો હતો. આ ઘટનાથી પરિવારજનોમાં ઘેરા શોકની કાલીમા છવાઈ ગઈ છે.

## દેલાડમાં જૂની અદાવતમાં યુવક ઉપર કાચની બાટલીથી હુમલો

**રામકિશન** કોલોનીના ગેટ પાસે અદાવત રાખી ચાર શખ્સોએ હંગામો મચાવ્યો

સાયણઃ ઓલપાડ-સાયણ મેઈન રોડ નજીક આવેલા દેલાડ ગામની સીમની રામકિશન કોલોનીમાં જૂની અદાવતને લીધે હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. ગત ૭મી ઓક્ટોબરે રાત્રે ૧૧:૩૦ વાગ્યે તારાબેન નાયકાનો પુત્ર મેહુલ રંગોલી ચોકડી તરફ ચા પીવા જઈ રહ્યો હતો. તે સમયે કોલોનીના ગેટ પાસે જૂની અદાવતમાં ચાર શખ્સોએ હંગામો મચાવ્યો હતો. આરોપીઓ સુરેશ બળવંત રાઠોડ (રહે.,સિવાણ), અજય ઘેલા વાઘેલા (રહે.,ખરી ફળિયું, દેલાડ), બીપીન અને ચીમન નામના શખ્સોએ મેહુલના કુટુંબી ભાઈઓ કરણ અને અર્જુનને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઘટના દરમિયાન આરોપી બીપીને લાકડાનો ડંડો વીંઝી બોલાચાલી કરી હતી, જ્યારે અજય વાઘેલા કાર લઈને સ્થળ પર પહોંચ્યો હતો. જ્યારે મેહુલે આ ઝઘડો શાંત પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીઓએ તેના પર ઉશ્કેરાઈને ઢીકામુક્કીનો માર માર્યો હતો. આટલેથી ન અટકતાં અજય વાઘેલાએ ઠંડાં પીણાની કાચની બાટલી તોડી મેહુલના માથા પર ઘાતક પ્રહાર કર્યો હતો. આ હુમલામાં મેહુલ લોહીલુહાણ થઈ જતાં તેને તાત્કાલિક સાયણની જીવનરક્ષા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તારાબેને ૧૨મી ઓક્ટોબરે મોડી રાત્રે ઓલપાડ પોલીસ મથકમાં ચારેય આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ અ.હે.કો. વિક્રમ વર્ધાજીને સોંપી છે.

## ડોલવણ તા.પં.ના ટેન્ડરમાં કૌભાંડનો આક્ષેપ: હાઈકોર્ટમાં જવાની ચીમકી

**નિયમ** વિરુદ્ધ ગ્રામ પંચાયતોનાં કામો તાલુકા કક્ષાએથી પડાવી લેવાનો જિલ્લા પંચાયતના વિપક્ષી સભ્યએ આક્ષેપ કર્યો

વ્યારાઃ તાપીના ડોલવણ તાલુકા પંચાયતના કરોડોના ટેન્ડરમાં કૌભાંડનો આક્ષેપ સાથે તાપી કલેક્ટર અને DDOને લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

ડોલવણ તાલુકા પંચાયત દ્વારા ગત તા.13/10/2026ના રોજ એક દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.1/2026-27માં મોટા પાયે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થવાની આશંકા વ્યક્ત કરીને જિલ્લા પંચાયત સભ્ય નિલેશ ગામીતે તાપી જિલ્લા વિકાસ અધિકારી સહિત કલેક્ટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકને લેખિત ફરિયાદ કરી વાંધો ઉઠાવવામાં આવ્યો છે. કારણ કે, ગુજરાત સરકારના પંચાયત વિભાગના ઠરાવ તા.4/8/2020 અને તા.15/9/2021 મુજબ રૂ.5 લાખ સુધીનાં તમામ કામો ફરજિયાતપણે ગ્રામ પંચાયત મારફત જ થવા જોઈએ. પરંતુ ડોલવણ તાલુકા પંચાયતે આવાં નાનાં-નાનાં કામો ભેગાં કરી કરોડોની એક જ નિવિદા બહાર પાડી ગ્રા. પં.ના બંધારણીય અધિકારો છીનવી લીધા છે.

4 વર્ષના જૂના કામોનું રહસ્ય શું? આ નિવિદામાં 2023-24, 2024-25, 2025-26 અને 2026-27 એમ ચાર વર્ષનાં કામોનો એકસાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે વર્ષ 2023-24નાં કામો આજદિન સુધી કેમ નથી થયાં? તેની ગ્રાન્ટ ક્યાં વપરાઈ? તેને લઈને અનેક સવાલો ઉભા થયા છે. તેમજ સમગ્ર પ્રક્રિયા ઈ-ટેન્ડરથી કરવાને બદલે સીલબંધ કવર પદ્ધતિ અપનાવવામાં આવી છે. ત્યારે સરકારની ખરીદ નીતિ મુજબ તમામ કામો ઓનલાઈન GeM પોર્ટલ પર થવાને બદલે ચોક્કસ મળતીયા ઈસમોને કામ આપવા માટે 20 વર્ષ જૂની રજિસ્ટર પોસ્ટથી સીલબંધ કવરની પદ્ધતિ અપનાવવામાં આવી છે. ઉપરાંત સહકારી મંડળીઓનું જૂનું લેણું બાકી હોય તો ટેન્ડર ભરતા પહેલા પૈસા ભરવા પડશે તેવી ગેરકાયદે શરત મૂકી સમગ્ર પ્રક્રિયામાં હરીફાઈ ઘટાડવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ કરાયો છે. આ ગેરકાયદે નિવિદા તાત્કાલિક રદ કરવામાં આવે, તમામ કામો ગ્રામ પંચાયતોને પરત સોંપવા અને નિવિદા બહાર પાડનાર જવાબદાર અધિકારી સામે ખાતાકીય તપાસ કરવાની માંગ કરી જિ.પં.નાં વિપક્ષી સભ્ય નિલેશ ગામીતે જો 7 દિવસમાં નિવિદા રદ નહીં થાય તો અમે ગાંધીનગર વિકાસ કમિશનર અને હાઈકોર્ટે સુધી જવાની તૈયારી બતાવી છે.

## નવરાત્રિ તહેવારમાં સાંજે જ લાઈટ ગુલ થતાં કઠવાડા ગામમાં રોષ

**વીજ** લોડ વધતાં કાપ મુકાતો હોવાનો વીજ કંપનીના અધિકારીનો ખુલાસો



હથોડાઃ માંગરોળ તાલુકાનું ખેડૂતલક્ષી ગામ કઠવાડા છેલ્લા કેટલાક સમયથી સાંજના સમયે વીજકાપની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે. હાલમાં ચારેકોર નવરાત્રિ પર્વનો અનેરો ઉત્સાહ છે, ત્યારે જ રોજ સાંજે બરાબર ૭ વાગ્યે આખા ગામમાં લાઈટ ડૂલ થઈ જતાં ગ્રામજનોમાં ભારે હતાશા અને રોષ વ્યાપી ગયો છે.

સ્થાનિક જાગૃત નાગરિકોના જણાવ્યા મુજબ અગાઉ આવી સમસ્યા ન હતી. પરંતુ તાજેતરમાં સૂર્ય આથમતાં જ વીજળી ગુલ થઈ જાય છે અને ગામમાં ઘોર અંધારપટ છવાઈ જાય છે. આ અંધારાના કારણે એક તરફ મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે, તો બીજી તરફ સાંજે રસોઈ બનાવવાના સમયે જ વીજળી જતી રહેતાં ગૃહિણીઓ ભારે હેરાન-પરેશાન થઈ ઊઠે છે. રોજ સાંજે ૭ વાગ્યે જતી રહેતી લાઈટ લગભગ અડધા કલાક પછી જ પરત આવે છે.

આ અંગે ગામ લોકોએ ગુજરાત વિદ્યુત બોર્ડ, કોસંબા કચેરીના જવાબદાર અધિકારીનો સંપર્ક કરી ખુલાસો માંગ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, હાલમાં દક્ષિણ ગુજરાતમાં વીજ લોડ વધારે રહેતો હોવાથી કેટલાંક ગામડાંમાં વારાફરતી ૧૫થી ૨૦ મિનિટનો વીજકાપ આપવામાં આવી રહ્યો છે. ગામજનોની માંગ છે કે નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને વહેલી તકે આ વીજ સમસ્યાનું કાયમી નિવારણ લાવવામાં આવે.

## કીમ-માંડવી હાઈવે પર હિટ એન્ડ રનમાં સાઈકલસવાર વૃદ્ધનું મોત

માંડવી: કસાલ ગામમાં રહેતા 73 વર્ષીય છનાભાઈ વિરમાભાઈ ચૌધરી સોમવારે પોતાની સાઈકલ લઈને કીમ-માંડવી સ્ટેટ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા.

આ દરમિયાન પાછળથી આવતા કોઈ અજાણ્યા વાહને સાઈકલને ટક્કર મારી હતી.

આ ગંભીર અકસ્માતમાં વૃદ્ધને માથાના ભાગે અને બંને હાથે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થાનિકોએ તાત્કાલિક અરેઠ સરકારી દવાખાને ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત સર્જીને અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. તંડકેશ્વર પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બારડોલીની પરિણીતા પાસે રૂ.૫૦ લાખના દહેજની માંગ કરાતાં ગુનો

**બેંગ્લુરુમાં** ઘરના નામે ૧૦ લાખની લોન કરાવી ત્રાસ ગુજારનારા પતિ, સાસુ-સસરા અને કાકા સસરા સામે ગુનો દાખલ

બારડોલીઃ બારડોલી રહેતી અને બેંગ્લુરુની ખાનગી કંપનીમાં નોકરી કરતી ૩૦ વર્ષીય પરિણીતાએ ૫૦ લાખના દહેજની બારડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બારડોલીના ગાંધી રોડ પર આવેલી કેસરકુંજ-2 સોસાયટીમાં રહેતા ધીરજલાલ મેઘજીભાઈ ઘોણીયાની પુત્રી હેમાલી (ઉં.વ.30)નાં લગ્ન ડિસેમ્બર-૨૦૨૧માં મોટા વરાછા (સુરત) ખાતે રહેતા મુકુંદ રમેશ પીપળવા સાથે થયાં હતાં. લગ્ન બાદ બંને બેંગ્લુરુ ખાતે રહેતા હતા. બેંગ્લુરુમાં નવું મકાન ખરીદતી વખતે તથા ફર્નિચર માટે હેમાલીબેનના બેંક ખાતામાંથી નાણાં ચૂકવાયાં હતાં અને મકાન માત્ર પતિના નામે કરાવી લેવાયું હતું. વધુ ફર્નિચરના નામે હેમાલીબેનના નામે ૧૦ લાખની બેંક લોન લેવડાવી જેના દર મહિને ૨૨,૧૫૯ના હપ્તા પણ તેમના પગારમાંથી કપાતા હતા. ઉપરાંત, પતિ અન્ય સ્ત્રીઓ સાથે ચેટિંગ કરતો પકડાતાં તકરાર કરી મારઝૂડ કરતો હતો. સાસુ રેખાબેન અને સસરા રમેશભાઈ દ્વારા ૧૦૦ તોલા સોનું અને રોકડ ન લાવવાનાં મેણાં મારી પરિણીતાના પિતા પાસેથી ૫૦ લાખ લઈ આવવા દબાણ કરાતું હતું. જ્યારે પરિણીતા સુરત સાસરીમાં એકલી હોય ત્યારે કાકાજી સસરા દિનેશભાઈ ખરાબ નજર રાખી, અણછાજતા ઈશારા કરી ૫૦ લાખ મુકુંદને અપાવી દેવા જણાવતા હતા. જુલાઈ-૨૦૨૬માં પૈસા ન લાવતાં પતિ અને સાસુ-સસરાએ હેમાલીબેનને પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂક્યાં હતાં. ત્યારબાદ પરિવાર વચ્ચે સમાધાન અર્થે થયેલી પોલીસ અરજીની કાર્યવાહી દરમિયાન ગત ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ બારડોલી પોલીસ સ્ટેશન બહાર સરદાર ચોક પાસે આરોપીઓએ હેમાલીબેન અને તેમના પિતા સમક્ષ ફરી ૫૦ લાખની માંગણી કરી હતી. જો પૈસા નહીં આપે તો લગ્નના દાગીના, ફર્નિચર કે લોનના નાણાં પરત નહીં આપવાની અને હત્યાની ધમકી આપી હતી. આ સમગ્ર બનાવ અંગે હેમાલીબેનની ફરિયાદના આધારે બારડોલી પોલીસે પતિ મુકુંદ, સસરા રમેશ પીપળવા, સાસુ રેખા અને કાકા સસરા દિનેશ રણછોડ પીપળવા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સરવૈયાને સોંપી છે.

## વરેલી પાટિયા પાસે અચાનક શ્વાસ લેવામાં તકલીફ થતાં ૨૮ વર્ષીય યુવકનું મોત

પલસાણાઃ મૂળ બિહારના કેમુરના હરીહરપુર ગામના વતની અને હાલ પલસાણાના વરેલી સ્થિત ખોડિયારનગર વિસ્તારમાં ધર્મીચંદની બિલ્ડિંગમાં રહી નોકરી કરતાં ૨૮ વર્ષીય ધનજીકુમાર સુનીલકુમાર રામ રવિવારે સાંજે વરેલી પાટિયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં જાહેરમાં તેમને અચાનક શ્વાસ લેવામાં અતિશય તકલીફ ઊભી થઈ હતી. ધનજીકુમારને સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે સુનીલસિંગ રાજપૂતની જાણના આધારે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધ્યો છે.

## બે કાર અને ટ્રક અથડાતાં બે ઘાયલ

અંકલેશ્વરઃ અંકલેશ્વર-વાલિયા રોડ પર ભડકોદ્રા પાટિયા પાસે આજે બે કાર અને એક ટ્રક વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બે લોકો ઘાયલ થયા છે. એક કાર પૂરઝડપે જઈ રહી હતી અને પાછળથી બીજી કાર સાથે અથડાઈ હતી. ત્યારબાદ તે સામેથી આવતી ટ્રક સાથે ભટકાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એક કાર પલટી ગઈ હતી. ઘાયલ થયેલા બંનેને તરત જ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે, એક કારની એરબેગ ખુલી જતાં મોટી જાનહાનિ ટળી હતી. અકસ્માત પછી સ્ટેટ હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.



પ્રવીણ તેરૈયા


### વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે, જીલ્લો સુરત, તા.પલસાણાના મોજે લીંગડના રેવન્યુ દફતરે નોંધાયેલી બ્લોક નં.૧૧૫/૨, સર્વે નં.૮૩/૧, આકાર રૂા.૯=૮૭, ખાતા નં.૬૭૭વાળી સુમારે હે.૦-૯૮-૮૦ચો.મી. વાળી જુની શરતની ખેતિની જમીનના માલિક હેમંતકુમાર દિલીપસિંહ સોલંકીનાઓએ તેઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીનમાં કોઈનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, તર-તકરાર, હિતસંબંધ કે ઈઝમેન્ટ તથા ખાધા ખોરાકી-પોષાકીનો હકક હોય અગર કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો તેમણે દિન-૭(સાત)માં લેખિત પુરાવાઓ સહીત અમોને નીચે જણાવેલા સરનામે આવી પુરવાર કરી બતાવવું. જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોક્ત જમીનમાં કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર-તકરાર, હિતસંબંધ કે અન્ય કોઈપણ જાતના હકકો ન હતા અને નથી, અને જો તેવા કોઈ હકકો હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ સ્થાપિત ગણી અમારા અસીલ મુદત વિત્યે પાકા લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની કોઈપણ જાતની તર- તકરાર ચાલશે નહીં જેની આથી છેવટની લેખિત નોંધ લેવી.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી તથા હાર્દિક એ. મોદી-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩



Milano MULTIPLEX
બારડોલી

Drishyam:The Conclusion
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

The Vvaan - 11:00am

Hanuman Ansh - 02:00pm

Mitrata-Gujarati- 05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333